**Award** Reference T Case No.1374/ 2004

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૫ | ૧૦ | ૨૦૦૪ |
| દાખલ તારીખ : | ૧૫ | ૧૦ | ૨૦૦૪ |
| ફેસલ તારીખ : | ૧૬ | ૧૧ | ૨૦૧૯ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૦૧ | ૦૧ |

**મે.અમદાવાદ મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી સમક્ષ,**

**મુ.અમદાવાદ**

**રેફરન્સ (એલ.સી.એ.) કેસ નં.૧૩૭૪/૨૦૦૪**

**આંક–૪૬**

**પ્રથમ પક્ષકાર :–** ૧. **પોગન એએમપી રોડ પાવર કોમીકસ લી.,**
હે.સી–૧/બી, ૪૪૦૨, ફેઝ–૪, વટવા,અમદાવાદ.
૨. **જયેશ પટેલ કોન્ટ્રાકટરશ્રી,**
સી–૧/બી, ૪૪૦૨, ફેઝ–૪,જીઆઈડીસી,
વટવા, અમદાવાદ.

**: વિરુધ્ધ :**

**બીજા પક્ષકાર :–** **સજાઉદીન રાયબુદ્દીન,**
હે. રામોલ રોડ, જનતાનગર, સીટીએમ.અમદાવાદ.
૮/૦ ગુજરાત ઔદ્યોગિક કામદાર મહામંડળ,
હે.૪૯૨/૨૯૫૦૧, ગુ.હા.બોર્ડ, બાપુનગર,અમદાવાદ

**બાબત :–** **ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) (સી) અન્વયે ન્યાય–નિર્ણય બાબત.**

**પ્રતિનિધિઓ:–**

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે :– શ્રી આશાબેન ગુપ્તા.

બીજા પક્ષકાર તરફે :– શ્રી પ્રશાંત સી.ચૌધરી/શ્રી કાશ્મીરાબેન ચૌધરી.

**– :: એ વો ર્ડ :: –**

(૧) આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તથા બીજા પક્ષકાર વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી.એકટની કલમ ૧૦(૧) (સી) હેઠળ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, અમદાવાદના તા.૧/૧૦/૨૦૦૪ ના હુકમ ક્રમાંક: કેએચ/ એસએચએમસી/આર/ક/અને–આઈ.ડી.આર/૪૦૯/૨૦૦૪ થી મજુર અદાલત અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ. ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના

વખતોવખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલત ને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ રેફરન્સ પ્રમાણે **શ્રી સજાઉદીન રાયબુદ્દીન**ને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી **સામાવાળા/સંસ્થા** તરીકે અને બીજા પક્ષકારોને **અરજદાર/કામદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૪) પક્ષકારોને આંક–૨ થી બેલીફશ્રી મારફતે ધારાસર નોટિસની બજવણી કરવામાં આવતા અરજદાર તરફે આંક–૩ થી તથા સામાવાળા સંસ્થા તરફે આંક–૫ થી તેમના પ્રતિનિધિશ્રીનું અધિકારપત્ર રજુ કરવામાં આવેલ છે.

૪.૧)અરજદાર તરફે આંક–૪ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, અરજદાર સામાવાળા નં–૧ સંસ્થામાં આશરે છેલ્લા ચાર વર્ષથી સંસ્થાના સ્ટેમ્પીંગ ખાતામાં ખાતા નં–૨ માં કાયમી કામદાર તરીકે મશીન ઓપરેટરની જગ્યાએ નોકરીની ફરજો બજાવતા હતા. અરજદારને સામાવાળા નં–૧ સંસ્થા દ્વારા દૈનિક રૂા.૮૭.૫૦/– પૈસા જેટલો પગાર ચુકવવામાં આવતો હતો.અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી જ ખંત અને વફાદારીપુર્વક અને પુરેપુરી કાર્યક્ષમતાથી બજાવતા હતા અને કોઈ દિવસ બેદરકારી કે અનિયમિતતા દાખલવેલ નથી.આમ, અરજદારનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો.સામાવાળા નં–૧ સંસ્થામાં આશરે ૧૦૦ કરતા વધારે કામદારો નોકરીની ફરજો બજાવે છે અને સામાવાળા સંસ્થાને વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ જેવી કે આઈ.ડી.એકટની , મીનીમમ વેજીસ એકટની, ફેકટરી એકટની, ઈ.એસ.આઈ. એકટ અને સ્કીમ, પી.એફ.એકટ અને સ્કીમ, કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબો.એકટ ૧૯૭૦ વિગેરે મજુર કાયદાની જોગવાઈઓનું પાલન કરવાની સામાવાળા નં–૧ સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે. સામાવાળા નં–૨ તે સામાવાળા નં–૧ સંસ્થા દ્વારા રેકર્ડ ઉપર શામ એરેંજમેન્ટ અને પેપર એરેંજમેન્ટથી ઉભા કરવામાં આવેલા કહેવાતા કોન્ટ્રાકટર છે અને સામાવાળા નં–૨ ના કહેવાતા કોન્ટ્રાકટરને પણ વિવિધ મજુર કાયદાની

જોગવાઈઓ જેવી કે, આઈ.ડી.એકટની, મીનીમમ વેજીસ એકટની, ફેકટરી એકટની, ઈ.એસ.આઈ.એકટ અને સકીમ, પી.એફ. એકટ અને સ્કીમ, કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એન્ડ એ.બો.એકટ ૧૯૭૦ વિગેરે મજુર કાયદાની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડે છે અને તે તમામ મજુર કાયદાની જોગવાઈઓનું પાલન કરવાની આ કામના સામાવાળા નં–ર કોન્ટ્રાકટરની પણ કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે. અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી સતત એકધારી અને નિયમિત રીતે કાયદાની પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાના કંપાઉન્ડમાં સામાવાળા નં–૧ સંસ્થાની પ્રિમાઈસીસ માં સામવાળાા નં–૧ સંસ્થાના અંતર્ગત વિભાગમાં આ કામના સામાવાળા નં–૧ સંસ્થાની કાયમી પ્રકારની અને સામાન્ય પ્રક્રિયાના એક ભાગની કામગીરીમાં રોકાયેલા હોવા છતાં આ કામનાી સામાવાળા નં–૧ સંસ્થાના સંચાલકો ધ્વારા અરજદાર કામદારને રેકર્ડ ઉપર અને પેપર ઉપર શામ એરેંજમેન્ટ અને પેપર એરેંજમેન્ટથી સામાવાળા નં–ર કહેવાતા કોન્ટ્રાકટરના કામદારો બનાવી રાખવામાં આવેલા. હકીકતમાં અરજદાર કામદારને સામાવાળા નં–૧ સંસ્થામાં નોકરી ઉપર સામાવાળા નં–૧ સંસ્થાના અધિકારીઓ ધ્વારા રાખવામાં આવેલા. અરજદારને કામની સોંપણી સામાવાળા નં–૧ સંસ્થાના અધિકારીઓ ધ્વારા કરવામાં આવતી હતી અને કામગીરી ઉપર સંપુર્ણ કંટ્રોલ, દેખરેખ,અંકુશ અને સુપરવિઝન સામાવાળા નં–૧ સંસ્થાના અધિકારીઓ ધ્વારા જ કરવામાં આવતો હોવા છતાં અરજદાર કામદારને કાયમી કામદારોના ધોરણે મળવાપાત્ર ગ્રેડ, મોંઘવારી ભથ્થા, હકકો અધિકારો અને લાભો સવલતો ન આવા પડે તેવા બદઆશય અને બદઈરાદાથી અરજદારને કહેવાતા કોન્ટ્રાકટના કામદાર તરીકે બનાવી રાખવામાં આવેલા. હકીકતમાં અરજદાર કાયદાની સેટલ્ડ પોજીશન મુજબ અરજદાર સામાવાળા નં–૧ સંસ્થાના જ કાયમી કામદાર હતા અને છે.

**૪.ર)** વધુમાં આ કામના અરજદાર તેમના આંક–૪ થી રજુ માંગણા નિવેદનમાં જણાવે છે કે,અરજદાર કામદાર સામાવાળા નં–૧ સંસ્થાના અધિકારીશ્રીને પુર્વ મંજુરી અને સંમતિ લઈ તા.૧૦/૩/ર૦૦૪ ના રોજથી તા.૧૦/પ/ર૦૦૪ ના રોજ સુધી સામાજીક કારણસર રજા ઉપર રહેલા અને રજા પુરી થઈ ગયા બાદ તા.૧૧/૦પ/ ર૦૦૪ ના રોજ અરજદાર રાબેતા મુજબની ફરજો ઉપર હાજર થવા જતા અરજદાર

કામદારને સામાવાળા સંસ્થાઓ દ્વારા કામે રાખવામાં આવેલ નથી અને તે રીતે અરજદાર કામદારને તા.૧૧/૫/૨૦૦૪ ના રોજથી કોઈ નોટીસ કે નોટીસના બદલામાં નોટીસ પગાર આપ્યા વગર કોઈપણ જાતના વાંક કે ગુના વગર અને બચાવ ની ન્યાયી વ્યાજબી તક આપ્યા વગર કાયદેસરના હકકો અધિકારોનું વળતર ચુકવ્યા વગર કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર માત્ર મૌખિક હુકમથી નોકરી માંથી છુટા કરી દેવામાં આવેલા,જે સામાવાળા સંસ્થાનું કૃત્ય અયોગ્ય, અન્યાયી, ગેરવાજબી અને ગેરકાયદેસરનું હોવા ઉપરાંત એકતરફી,મનસ્વી,જુલ્મી,બદઈરાદા વાળુ અને અનફેર લેબર પ્રેકટીસનું હોવા ઉપરાંત કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું છે. અરજદારને સામાવાળા સંસ્થાઓ દ્વારા નોકરીમાંથી ગેરવાજબી અને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવતાં અરજદાર કામદારે સામાવાળા સંસ્થાઓ વિરુધ્ધ પડેલા દિવસોના પુરા પગાર સહીત સળંગ સર્વિસથી મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીમાં એક ફરીયાદ નોંધાવેલ જે સમાધાન કાર્યવાહી દરમ્યાન સામાવાળા સંસ્થાઓ તરફે સહકારભર્યુ વલણ નહી અપનાવવામાં આવતા તેમનો વિવાદ ન્યાય–નિર્ણય માટે અત્રે રીફર કરવામાં આવેલ છે. અરજદારને નોકરીમાંથી છુટા કરવા માટે સામાવાળા સંસ્થા પાસે કોઈ ન્યાયી અને વ્યાજબી કારણ કયારેય ઉપલબ્ધ થયેલ ન હતુ અને તેથી અરજદાર કામદારને નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળા સંસ્થાઓનું કૃત્ય ગેરવાજબી અને ગેરકાયદેસર છે. અરજદારને સામાવાળા સંસ્થા દ્વારા નોકરીમાંથી છુટા કર્યા બાદ અરજદારે બીજી ઘણી જગ્યાઓએ નોકરી શોધવા પ્રયાસો કરવા છતાં બીજે કયાંય નોકરી મળી શકેલ નથી અને આજેપણ અરજદાર કામદાર તદ્દન બેકારીની હાલતમાં જીવી રહયા છે અને આજે પણ સામાવાળા સંસ્થાઓ અરજદાર કામદારને કામ ઉપર રાખે તો કામ ઉપર હાજર થવા તૈયાર છે. સબબ માંગણાના નિવેદનના પેરા–૧૦ માં બીજા પક્ષકાર કામદારને તા.૧૧/૫/૨૦૦૪ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળા સંસ્થાઓનું કૃત્ય ગેરવાજબી, ગેરકાયદેસરનુ અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું છે તેવું જાહેર કરી સામાવાળા સંસથાઓ અરજદાર કામદારને પડેલા દિવસોના પુરા પગાર સહીત સળંગ સર્વિસથી મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો એવોર્ડ કરવા તેમજ રેફરન્સનું ખચૃ સામાવાળા સંસ્થાઓ પાસેથી વસુલ

અપાવવાની દાદ માંગેલ છે.

(૫) સામાવાળા નં–૧ સંસ્થા તરફે આંક–૬ થી અરજદારના માંગણાના નિવેદનનો લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારનો રેફરન્સ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને તેથી રેફરન્સ રદ થવા પાત્ર છે. નામ. અદાલતને રેફરન્સ ચલાવવાનો કાયદેસરનો કોઈ અધિકાર નથી. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવે છે કે, અરજદારને કંપનીમાં કામદાર તરીકે રાખેલા ન હતા અને સંસ્થા અને અરજદાર વચ્ચે માલિક અને કામદારના સંબંધો પ્રસ્થાપિત થયેલ ન હતો. આમ, અરજદાર સંસ્થાના કામદાર ન હોઈ તેઓ આવા પ્રકારનો વિવાદ ઉપસ્થિત કરી શકે નહી તેથી રેફરન્સ રદ થવા પાત્ર છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવે છે કે, અરજદારને આ કે આવા પ્રકારનો વિવાદ ઉપસ્થિત કરવા માટેનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી તેથી કોઝ ઓફ એકશનના અભાવે રેફરન્સ રદ થવા પાત્ર છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવે છે કે, સામાવાળા નં–૧ કંપનીનું સાચુ નામ પોગેન એમ્પ નગર શેઠ પાવર ટ્રોનીકસ લીમીટેડ છે, જયારે અરજદારે તેઓનો રેફરન્સ પોગન એએમપી નગરશેઠ પાવર ટ્રોનિકસ લીમીટેડના નામે કરેલ છે. આમ, અરજદારના સદર રેફરન્સને મીસ જોઈન્ડર ઓફ પ્રોપર પાર્ટીઝનો બાધ નડે છે અને તેથી રેફરન્સ રદ થવા પાત્ર છે. વધુમાં સામાવાળા નં–૧ કંપની જણાવે છે કે, લેખીત નિવેદનમાં સ્પષ્ટ રીતે કબુલ કર્યા સિવાયના અરજદારના માંગણાના નિવેદનમાં જણાવેલ તમામ આક્ષેપો, વિગતો અને નિવેદનો સત્યથી વેગળા અને ઉપજાવી કોઢેલા હોઈ તેનો સામાવાળા નં–૧ કંપની સ્પષ્ટ ઈન્કાર કરે છે. વધુમાં માંગણાના નિવેદનની પેરાવાઈઝ હકીકતોનો ઈન્કાર કરી સત્ય હકીકતે જણાવે છે કે અરજદારને સંસ્થામાં કામદાર તરીકે કામે રાખેલા ન હતા અને સંસ્થા અને તેઓ વચ્ચે કદાપી માલિક અને કામદારનો સંબંધ પ્રસ્થાપિત થયેલ ન હતો. સામાવાળા નં–ર સામાવાળા નં–૧ ને ત્યાં લેબર કોન્ટ્રાકટર તરીકે કોન્ટ્રાકટ ધરાવતા હતા અને તેઓનો કોન્ટ્રાકટ તા.૩૦/૪/૨૦૦૪ ના રોજ સમાપ્ત થયેલ હતો. અરજદાર સામાવાળા નં–ર ને ત્યાં તેઓના કામદાર તરીકે કામ કરતા હતા. અરજદાર સદર કોન્ટ્રાકટરને ત્યાં તા.૧૦/૩/૨૦૦૪ ના રોજથી પોતાની ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલ હતા અને ત્યારબાદ તેઓ સદર કોન્ટ્રાકટરને ત્યાં તેમની

ફરજ ઉપર કદાપી આવેલ ન હતા. વળી સામાવાળા નં–૨ નો કોન્ટ્રાકટ તા.૩૦/૪/ ૨૦૦૪ ના રોજ સમાપ્ત થયેલ હતો. વળી સદર કોન્ટ્રાકટ પુરો થયેલ હોવાથી સામાવળા નં–૨ નાએ તેઓના તમામ કામદારોને કાયદેસરના હકકો અને લાભો અંગે ભવિષ્યમાં અંગે ભવિષ્યમાં કોઈ તકરાર ઉપસ્થિત ન થાય તેસ આશયથી તેઓ સાથે સને ૧૯૪૭ ના ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) અને કલમ–૧૮ હેઠળ એક સમાધાન પણ કરેલ હતુ તેવુ સદર કોન્ટ્રાકટર પાસેથી જાણવા મળેલ છે. અરજદાર સંસ્થાના કામદાર ન હોઈ તેઓને નોટીસ કે નોટીસ પગાર આપવાનો કે તેઓના કાયદેસરના હકકો અને વળતર આપવાનો કે કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કરવાનો કે તેઓને મૌખિક હુકમથી નોકરીમાથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયેલ ન હતો. હકીકતમાં અરજદારે સામાવાળા નં–૧ સંસ્થામાં કામદાર તરીકે કદાપી કામ કરે જ ન હતુ. તેઓ સામાવાળા નં–૨ ના કોન્ટ્રાકટમાં તેઓના કામદાર તરીકે કામ કરતા હતા અને સદર કોટ્રાકટરને ત્યાં પણ તેમની સ્વૈચ્છાએ તા.૧૦/૩/૨૦૦૪ ના રોજથી કામ ઉપર આવતાં બંધ થઈ ગયેલા હતા,કોન્ટ્રાકટરે પણ તેઓને નોકરીમાંથી છુટા કરેલા ન હતા આથી અરજદાર તેઓના માંગણાના નિવેદનમાં જણાવેલ દાદમાંથી કોઈપણ દાદ મેળવવા માટે હકકદાર થતા નથી તેમ ઠરાવી તેઓનો રેફરન્સ રદ કરવા જણાવે છે.

(૬) હાલનાં કામે સામાવાળા નં.૧ તરફે આંક–૬ થી ઉપર મુજબનો લેખીત જવાબ રજુ થયા બાદ અરજદાર તરફે આંક–૭ થી તા.૧૯/૧૨/૨૦૦૫ નાં રોજ અરજી આપી, સામાવાળા નં.૨ નો જવાબનો હકક બંધ કરવા અરજ ગુજારતા, આ કેસનાં મારા વિ. પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા અરજદારની આંક–૭ થી રજુ અરજી ફાઈલે કરવા તા.૨૦/૦૨/૨૦૦૯ નાં રોજ હુકમ કરેલ છે.

૬.૧) વધુમાં આ કામે સામાવાળા નં.૧ તરફે આંક–૮ થી તા.૨૭/૦૮/૨૦૦૮ નાં રોજ અરજી આપી, અરજદારનાં મૌખીક પુરાવાનો હકક બંધ કરવા અરજ ગુજારતા, આ કામનાં મારા વિ. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક–૮ ની અરજી મંજુર કરી, અરજદાર નો સાક્ષી પુરાવાનો હકક બંધ કરતો હુકમ કરેલ છે, ત્યારબાદ આ કામે આંક–૯ થી સામાવાળા નં.૧ તરફે તેમનો મૌખીક પુરાવા બંધ પુરસીસ રજુ થયેલ છે.

૬.૨) વધુમાં આ કામે અરજદાર તરફે આંક–૧૪ થી તા.૧૫/૦૭/૨૦૧૦ નાં રોજ અરજી આપી, તેમનો પુરાવાનો હકક રી–ઓપન કરવા અરજ ગુજારતા, જે આંક–૧૪ ની અરજી મારા વિ. પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૭) અરજદાર તરફે આંક–૧૫ થી સામાવાળા નં–૧ અને ૨ સંસ્થા પાસેથી જાન્યુઆરી –૨૦૦૧ થી મે–૨૦૦૪ સુધીના હાજરીપત્રકો અને પગાર પત્રકો તથા સામાવાળા સંસ્થાએ કોન્ટ્રેકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબોલીશન એકટ ૧૯૭૦ હેઠળ કરાવેલ રજીસ્ટ્રેશનની નકલ સામાવાળા નં–૨ સંસ્થાએ કોન્ટ્રેકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબોલીશન એકટ ૧૯૭૦ હેઠળ મેળવેલ લાયસન્સની નકલ રજુ કરવા અરજ કરેલ છે.સામાવાળા નં–૧ સંસ્થા તરફે અરજદારની ઉપોરકત આંક–૧૫ થી અરજીનો લેખીત જવાબ આંક–૧૭ થી રજુ કરવામાં આવેલ છે. સદર અરજી ઉપર મારા વિધ્વાન પુરોગામીશ્રી ધ્વારા પ્રથમ સદર અરજી સાંભળવાનો હુકમ કરવામાં આવેલ અને ત્યાર બાદ સદર આંક–૧૫ ની અરજી અંશત: ગ્રાહય રાખી મંજુર કરવામાં આવેલ છે.

(૮) વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા આંક–૨૫ થી તેઓ આંક–૧૫ ની અરજી હેઠળના હુકમ અન્વયે સામાવાળા નં.૧ સંસ્થાનું કોન્ટ્રાકટર લેબર એકટ હેઠળનું રજીસ્ટ્રેશન પ્રમાણપણની ઝેરોક્ષ નકલ રજુ કરવા તેઓ તૈયાર હોવાનું જણાવી, આંક–૧૫ ની અરજીમાં માંગ્યા મુજબના જાન્યુ.–૨૦૦૧ થી મે.–૨૦૦૪ સુધીના પગાર પત્રકો અને હાજરી પત્રકો તેઓને અન્ય કામે અલગ અલગ અદાલતો માં રજુ કરવાની જરૂર પડતી હોવાથી ,તે રજુ ન કરતા તેઓ અરજદારપક્ષ ને આ દસ્તાવેજોનુ ઈન્સ્પેકશન આપવા તૈયાર હોવાનું જણાવી,તે બાબતે યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૮.૧) વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તેમના આંક–૨૪ ના લીસ્ટથી કોન્ટ્રેકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબોલીશન એકટ ૧૯૭૦ અન્વયેનું તેમની રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર તેમજ પ્રથમ પક્ષકાર નં.૨ નાંઓએ કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયે મેળવેલ લાયસન્સની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૯) સામાવાળા નં-૧ સંસ્થા તરફે આંક-૨૫ થી અસલ દસ્તાવેજોનું ઈન્સ્પેકશન આપવા બાબતની અરજી રજુ કરી જણાવેલ છે કે સામાવાળા નં-૧ કંપની વિરુધ્ધ નામ.મજુર અદાલત, અમદાવાદ સમક્ષ અલગ અલગ કોર્ટમાં વિવાદો ચાલી રહેલ છે તેમજ સામાવાળા કંપનીને અસલ દસ્તાવેજોની વાર્ષિક હીસાબો તથા ઓડીટ સમયે તેમજ અન્ય કેસો માટે જરુર પડતી હોય બીજા પક્ષારને અસલ દસ્તાવેજો નું ઈન્સપેકશન આપવા હુકમ કરવા અરજ કરતા મારા વિધ્વાન પુરોગામીશ્રી ધ્વારા જવાબ અને સુનાવણી માટેનો હુકમ કરવામાં આવેલ.

(૧૦)અરજદાર તરફે આંક-૨૬ થી દસ્તાવેજોનું ઈન્સપેકશન કરવામાં આવેલ તે અંગેનો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે આંક-૩૦ થી તા.૧૬/૪/૨૦૧૮ ના રોજ અરજી આપી,અરજદાર પક્ષે આંક-૨૬ થી રજુ દસ્તાવેજ ઈન્સ્પેકશન રીપોર્ટમાં મહત્વની વિગતો છુપાવેલ હોવાનું જણાવી તે બાબતે યોગ્ય હુકમ કરવા અરજી આપતા,જે અરજી પ્રથમ મારા વિ.પૂરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા સાંભળવા માટે રાખવામાં આવેલ. આ કામના મારા વિ.પૂરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા તા.૧૯/૫/૨૦૧૮ ના રોજ હુકમ કરી આંક-૨૫ તથા આંક-૩૦ ની અરજીઓ રદ કરવામાં આવેલ છે.

(૧૧)વધુમાં આંક-૩૧ થી સામાવાળા નં-૧ ધ્વારા ગુજરાત એમ્પ્લોયર્સ એસોસીએશન ને આ કામમાંથી રીટાયર્ડ કરવાની પુરસીસ આપતા સદર પુરશીશ રેકોર્ડેડ કરવામાં આવેલ છે. સામાવાળા નં-૧ તરફે આંક-૩૨ થી તેમના વિધ્વાન વકીલશ્રીનું વકીલાતનામું રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં-૧ તરફે આંક-૩૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક-૩૩/૧ થી માર્ક-૩૩/૪૩ સુધીના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે જેને આંકે આપવા અરજ કરેલ છે.

(૧૨) સામાવાળા નં-૧ સંસ્થા તરફે આંક-૩૯ થી સાક્ષી સમન્સની અરજી આપી (૧) મેનેજર લોકલ ઓફીસ વટવા, કામદાર રાજય વિમા નિગમને સાક્ષી સમન્સ ઈસ્યુ કરવા અને સાક્ષીને (૧) વીમાદાર સજાઉદ્દીન શાહબુદ્દીનના વીમા નં-૩૭૦૫૩૫ ૮૧૪૭ ના ડેકલેરેશન ફોર્મની પ્રમાણિત નકલ. (૨) સંસ્થા નવયુગ ઈલેકટ્રીકલ્સ મોટર્સ એન્ડ પમ્પસ કે જેનો ઈ.એસ.આઈ.કોડ નં-૩૭૦૦૦૧૪૩૩૦૦૦૦૦૧૬૦૨ છે તેઓએ સદર વીમાદાર સજાઉદ્દીન શાહબુદ્દીનના ફેબ્રુઆરી-૨૦૦૮ થી શરુ થતાં

અને છેલ્લામા છેલ્લા સમયના તમામ રીટર્ન ઓફ કોન્ટ્રીબ્યુશનની પ્રમાણિત નકલો, તથા સાક્ષીએ લાવવાની વિગત:-(૧) વિમાદાર સજાઉદ્દીન શાહબુદ્દીન ના દાખલ તેમજ (૨) તેનો તા.૧૧/૨/૨૦૦૮ થી જે માસિક પગારના દરથી ફાળો જમા થયેલ હોય તે શરુઆતના પગારનો દર અને ત્યારબાદ હાલના જે માસિક પગારના દરથી ફાળો ભરેલ હોય તે માસિક પગારના દરની વિગતો રજુ કરવા અરજ કરતા સદર અરજી મંજુર કરવામાં આવેલ અને આંક-૪૦ થી સાક્ષી સમન્સ ઈસ્યુ કરવામાં આવતા બેલીફશ્રી દ્વારા સાક્ષી સમન્સની બજવણી કરવામાં આવતા, આંક-૩૯ ની અરજીનાં સાહેદ દ્વારા આંક-૪૧ થી પુરસીસ રજુ કરી, તેઓએ આ સાથેનાં અન્ય રેફરન્સ કેસ નં.૧૩૬૬/૨૦૦૪ નાં કામે હાલનાં કામદાર સજાઉદ્દીન શાહબુદ્દીનનાં દસ્તાવેજો રજુ કરેલ હોય, તે દસ્તાવેજો વંચાણે લેવા વિનંતી કરેલ છે. વધુમાં સામાવાળા નં.૧ તરફે આ કામે આંક-૪૨ થી અરજી આપી રેફરન્સ કેસ નં.૧ ૩૬૬/૨૦૦૪ નાં કામે લોકલ ઓફીસ ઈ.એસ.આઈ. વટવા દ્વારા રજુ થયેલ દસ્તાવેજોની પ્રમાણીત ખરી નકલ આ કામે રજુ કરેલ છે.

**(૧૩)** પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

**અરજદાર તરફે મૌખિક પુરાવો:-**

| અ.નં | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | શ્રી સજાઉદ્દીન શાહબુદ્દીનનું જુબાની સ્વરુપે સોગંદનામું. | ૨૦ |
| ૨. | કલોઝીંગ પુરસીસ. | ૨૭ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો:- રજુ કરેલ નથી.**

**સામાવાળા નં-૧ તરફે મૌખિક પુરાવો:-**

| અ.નં | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | શ્રી રાકેશ હરમોહનરાય સકસેનાનું જુબાની સ્વરુપે સોગંદનામું. | ૩૫ |

| **અ.નં** | **દસ્તાવેજોની વિગત** | **આંક/માર્ક** |
|---|---|---|
| ૧. | સામાવાળા નં-૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જાન્યુઆરી-૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧ |

| | | |
|---|---|---|
| ૨. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ફેબ્રુઆરી–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨ |
| ૩. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના માર્ચ–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩ |
| ૪. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના એપ્રિલ–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૪ |
| ૫. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના મે––૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૫ |
| ૬. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જુન–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૬ |
| ૭. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જુલાઈ–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૭ |
| ૮. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓગષ્ટ–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૮ |
| ૯. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના સપ્ટેમ્બર–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૯ |
| ૧૦. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓકટોમ્બર–૨૦૦૧ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ | ૩૩/૧૦ |
| ૧૧. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના નવેમ્બર–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૧ |
| ૧૨. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ડિસેમ્બર–૨૦૦૧ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૨ |
| ૧૩. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જાન્યુઆરી–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ | ૩૩/૧૩ |
| ૧૪. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ફેબ્રુઆરી–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૪ |
| ૧૫. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના માર્ચ–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૫ |
| ૧૬. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના એપ્રિલ–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૬ |
| ૧૭. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના મે–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૭ |
| ૧૮. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જુન–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૧૮ |
| ૧૯. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના | ૩૩/૧૯ |

| | | |
|---|---|---|
| | જુલાઈ–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | |
| ૨૦. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓગષ્ટ–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૦ |
| ૨૧. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના સપ્ટેમ્બર–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૧ |
| ૨૨. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓકટોબર–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૨ |
| ૨૩. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના નવેમ્બર–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૩ |
| ૨૪. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ડિસેમ્બર–૨૦૦૨ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૪ |
| ૨૫. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જાન્યુઆરી–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૫ |
| ૨૬ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ફેબ્રુઆરી–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૬ |
| ૨૭ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના માર્ચ–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૭ |
| ૨૮ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના એપ્રિલ–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૮ |
| ૨૯ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના મે–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૨૯ |
| ૩૦ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જુન–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૦ |
| ૩૧ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જુલાઈ–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૧ |
| ૩૨ | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓગષ્ટ–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૨ |
| ૩૩. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના સપ્ટેમ્બર–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૩ |
| ૩૪. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ઓકટોબર–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૪ |
| ૩૫. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના નવેમ્બર–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૫ |
| ૩૬. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના | ૩૩/૩૬ |

| | | |
|---|---|---|
| | ડિસેમ્બર–૨૦૦૩ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | |
| ૩૭. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના જાન્યુઆરી–૨૦૦૪ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૭ |
| ૩૮. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના ફેબ્રુઆરી–૨૦૦૪ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૮ |
| ૩૯. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના માર્ચ–૨૦૦૪ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૩૯ |
| ૪૦. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના એપ્રિલ–૨૦૦૪ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૪૦ |
| ૪૧. | સામાવાળા નં–૧ કંપનીના સ્ટાફના સભ્યો અને કામદારોના મે–૨૦૦૪ ના માસના હાજરીપત્રકની ઝેરોક્ષ નકલ. | ૩૩/૪૧ |
| ૪૨. | ઈ.એસ.આઈ. યોજના હેઠળ ઈન્સ્યોરન્સ મેળવવા માટે અરજદારના ડેકલેરેશન ફોર્મની નકલ. | ૩૩/૪૨ |
| ૪૩. | અ.નં.૪૨ મા જણાવેલ ડેકલેરશેન ફોર્મનો ફોરવર્ડીંગ ૫૦ જેને રીટર્ન ઓફ ડેકલેરેશન કહેવામાં આવે છે તેની નકલ. | ૩૩/૪૩ |
| ૪૪. | પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીનુ કોન્ટ્રાકટ લેબર એકટ અધિનિયમ–૧૯૭૦ હેઠળ શ્રમ આયુકતની કચેરીમાંથી આપવામાં આવેલ પ્રમાણપત્ર ની નકલ. | ૩૪/૧ |
| ૪૫ | આ કામનાં પ્રથમ પક્ષકાર નં.૨ નાં ને શ્રમ આયુકતની કચેરી માંથી કોન્ટ્રાકટ લેબર અધિનિયમ હેઠળ આપવામાં આવેલ લાયસન્સની ઝેરોક્ષ નકલ. | ૩૪/૨ |
| ૪૬ | બીજા પક્ષકારે અમારી તથા અમારા કોન્ટ્રાકટર વિરુધ્ધ પડેલા દિવસોનાં પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે જે વિવાદ ઉપસ્થિત કરેલ તે અંગે પ્રથમ પક્ષકાર નં.૨ એટલે કે અમારા કોન્ટ્રાકટરે મદદનીશ શ્રમ આયુકતની કચેરીમાં રજુ કરેલ લેખીત જવાબની નકલ. | ૩૪/૩ |
| ૪૭ | પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીનુ કોન્ટ્રાકટ લેબર એકટ અધિનિયમ–૧૯૭૦ હેઠળ શ્રમ આયુકતની કચેરીમાંથી આપવામાં આવેલ પ્રમાણપત્ર ની નકલ. | ૨૪/૧ |
| ૪૮ | આ કામનાં પ્રથમ પક્ષકાર નં.૨ નાં ને શ્રમ આયુકતની કચેરી માંથી કોન્ટ્રાકટ લેબર અધિનિયમ હેઠળ આપવામાં આવેલ લાયસન્સની ઝેરોક્ષ નકલ. | ૨૪/૨ |

સામાવાળા નં–૧ તરફે આંક–૪૩ થી તા.૦૪/૦૯/૨૦૧૯ નાં રોજ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૧૪) વધુમાં આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૩૯ થી આપવામાં આવેલ સાક્ષી સમન્સ ની અરજી અન્વયે મેનેજર લોકલ ઓફીસ વટવા, કામદાર રાજ્ય વિભાગ નિગમને સમન્સ કરતા, બ્રાન્સ મેનેજર, વટવા, લોકલ ઓફીસ, ઈ.એસ. આઈ. કોર્પોરેશન ઓફીસ, અમદાવાદ દ્વારા આ કામે હાજર રહી, તા.૨૨/૦૮/૧૯ નાં રોજ આંક–૪૧ થી અરજી આપી તેઓએ આ સાથેનાં અન્ય રેફરન્સ કેસ નં. ૧૩૬૬/૨૦૦૪ નાં કામે રજુ કરેલ દસ્તાવેજો આ કામે વંચાણે લેવા વિનંતી કરેલ છે. વધુમાં સામાવાળા નં.૧ તરફે આંક–૪૨ થી લોકલ ઓફીસ ઈ.એસ. આઈ. વટવા દ્વારા રેફરન્સ કેસ નં.૧૩૬૬/૨૦૦૪ નાં કામે આંક–૩૭ નાં લીસ્ટ થી રજુ થયેલ દસ્તાવેજોની પ્રમાણીત ખરી નકલ રજુ કરવામાં આવેલ છે.

<u>રેફરન્સ કેસ નં.૧૩૬૬/૨૦૦૪ નાં કામે લોકલ ઓફીસ ઈ.એસ.આઈ. વટવા દ્વારા રજુ થયેલ દસ્તાવેજો :–</u>

| અ.નં | દસ્તાવેજોની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | જલાલુદ્દીન શાહબુદ્દીનના ડીકલેરેશન ફોર્મની પ્રમાણિત નકલ. | ૩૭/૧ |
| ૨ | સજ્જાઉદ્દીન શાહબુદ્દીનના ડીકલેરેશન ફોર્મની પ્રમાણિત નકલ. | ૩૭/૨ |
| ૩ | ઉપરોકત બન્ને કમદારોના ઓકટોબર–૨૦૧૦ થી માર્ચ–૨૦૧૧ ના સમયમાં ભરેલ ફાળાની રકમની આર.સી. (કુલ પાના–૩) | ૩૭/૩ |
| ૪ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૧ થી સપ્ટેમ્બર –૨૦૧૧ નું આર.સી. (કુલ પાના–૩) | ૩૭/૪ |
| ૫ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૧ થી માર્ચ–૧૨ નું આર.સી. (કુલ પાના–૩) | ૩૭/૫ |
| ૬ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૨ થી સપ્ટેમ્બર–૨૦૦૨ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૬ |
| ૭ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૨ થી માર્ચ–૨૦૧૩ નું આર.સી. (કુલ પાના–૩) | ૩૭/૭ |
| ૮ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૩ થી સપ્ટેમ્બર–૨૦૧૩ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૮ |
| ૯ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૯ |

| | | |
|---|---|---|
| ૧૦ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૪ થી સપ્ટેમ્બર–૨૦૧૪ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૦ |
| ૧૧ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૪ થી માર્ચ–૨૦૧૫ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૧ |
| ૧૨ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૫ થી સપ્ટેમ્બર–૨૦૧૫ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૨ |
| ૧૩ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૩ |
| ૧૪ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૪ |
| ૧૫ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૬ થી માર્ચ–૨૦૧૭ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૫ |
| ૧૬ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૭ થી સપ્ટેમ્બર–૨૦૧૭ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૬ |
| ૧૭ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૭ |
| ૧૮ | સદર બન્ને કામદારોના એપ્રિલ–૨૦૧૮ થી સપ્ટેમ્બર–૨૦૧૮નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૮ |
| ૧૯ | સદર બન્ને કામદારોના ઓકટોબર–૨૦૧૮ થી માર્ચ–૧૯ નું આર.સી.(કુલ પાના–૩) | ૩૭/૧૯ |

**૧૪.૧)**સામાવાળા નં–૨ સંસ્થા તરફે હાજર રહી સાક્ષી પુરાવો રજુ કરવામાં આવેલ ન હોઈ અરજદારની આંક–૪૪ ની અરજી ઉપર સામાવાળા નં–૨ નો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ તા.૪/૯/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે.

**(૧૫)**હાલનાં કામે પક્ષકારો તરફે ઉપર મુજબનો મૌખીક તથા દસ્તાવેજી આધાર પુરાવો રજુ થયા બાદ હાલનુ કામ આખરી દલીલો માટે રાખતા, આ કામનાં બંને પક્ષકારો દ્વારા રેફરન્સ કેસ નં.૧૩૬૬/૨૦૦૪ તથા ૧૩૭૪/૨૦૦૪ ની સંયુકત દલીલો કરવામાં આવેલ છે. અરજદાર/કામદાર તરફે નાં પ્રતિનિધિશ્રી કાશ્મીરાબેન ચૌધરી તેઓની મૌખીક દલીલોમાં જણાવે છે કે, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થામાં ચાર વર્ષથી કાયમી કામદાર તરીકે મશીન ઓપરેટરની જગ્યાએ ફરજ બજાવતા હતા. સામાવાળા નં.૧ સંસ્થા દ્વારા કામદારનાં કોઈપણ જાતનાં વાંક ગુના વીના તા.૧૧/૦૫/ ૨૦૦૪ નાં રોજ કામદારને મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલ છે.

આ કામનાં સામાવાળા નં.૧ તે મુખ્ય માલિક અને સામાવાળા નં.ર તે લેબર કોન્ટ્રાકટર છે. હાલનાં કામે આંક–૬ થી સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તેમનો લેખીત જવાબ રજુ કરી, અરજદાર તે કોન્ટ્રાકટરનાં કામદાર હોવાની તેમજ સામાવાળા નં.૧ સાથે અરજદારને કોઈ નોકરી–માલિકનાં સંબંધો ન હોવાની તકરાર ઉઠાવવામાં આવેલ છે. વધુમાં આ કામે સામાવાળા નં.ર કોન્ટ્રાકટરને નોટીસની બજવણી થયેલ હોવા છતા, તેઓએ અરજદારનાં માંગણા નિવેદનનાં વિરુધ્ધમાં કોઈ લેખીત જવાબ રજુ થયેલ નથી. વધુમાં અરજદાર તરફે આ કામે સામાવાળા સંસ્થાઓનાં કબ્જામાં રહેલ દસ્તાવેજો રજુ કરાવવા અરજી આપવામાં આવતા જે અરજી અત્રેની અદાલત ધ્વારા મંજુર કરવામાં આવે છે. વધુમાં આ કામે સામાવાળા નં.૧ તરફે રજુ થયેલ દસ્તાવેજો હાજરી પત્રક ધ્યાને લેતા, તેમા મશીન ઓપરેટર નો કોઈ હોદ્દો જણાવેલ નથી. વધુમાં આ કામે સામાવાળા નં.૧ તરફે રજુ થયેલ કોન્ટ્રાકટર લેબર એકટ અન્વયેનું રજીસ્ટ્રેશન ધ્યાને લેતા, તે ફકત મટીરીયલ પેકીંગની કામગીરી માટે આપવા માં આવેલ છે. વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તા.ર૩/૦૫/ર૦૦ર પછીનો કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયેનો કોઈ કરાર રજુ થયેલ નથી. વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા કોન્ટ્રાકટર નાં કોઈ બીલો રજુ થયેલ નથી. વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલો દરમ્યાન, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા સાક્ષી સમક્ષની અરજી આપી બોલાવેલ લોકલ ઓફીસ ઈ.એસ.આઈ. કોર્પોરેશન, અમદાવાદ તરફે અરજદાર નાં સને–ર૦૧૧ થી ઈ.એસ. આઈ. કપાતનાં પેપર્સ રજુ થયેલ હોવાથી તેઓ આ કામે અરજદારનાં સને–ર૦૧૧ પછીનાં બેક વેજીસ પ્રેસ કરતા ન હોવાનુ જણાવી, સને–ર૦૦૪ થી ર૦૧૧ દરમ્યાનનાં બેક વેજીસ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૧૫.૧)** વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા તેઓની ઉપરોકત મૌખીક દલીલો નાં સમર્થનમાં નીચે મુજબનાં ન્યાયીક ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે, જે તમામ ન્યાયીક ચુકાદાઓ અત્રેની અદાલત ધ્વારા માન પૂર્વક રીતે વંચાણે લેવામાં આવેલ છે

(૧) સેક્રેટરી હરીયાણા સ્ટેટ ઈલેકટ્રીસીટી બોર્ડ વિ. સુરેશ અને બીજાઓ

૧૯૯૯ (૩) સુપ્રિમ ર૭૭

(૨) કાનપુર ઈલેકટ્રીસીટી સપ્લાય કંપની લી. વિ. શમીમ મીર્ઝા
૨૦૦૯ એલ.એલ.આર. પાના નં.૨૨૬ (નામ. સુપ્રિમ કોર્ટ)

(૩) સ્ટીલ ઓથોરીટ ઓફ ઈન્ડીયા લી. વિ. ગુજરાત મજદુર પંચાયત
૨૦૦૪ (૨) એલ.એલ.જે. ૯૭૦ (નામ. ગુજરાત હાઈકોર્ટ)

(૪) ઈન્ડીયન ફાર્મસ ફર્ટીલાઈઝર કો.ઓ. લી. વિ. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અલ્હાબાદ, ૨૦૦૨ (૧) એલ.એલ.જે. ૧૧૪૫ (નામ. સુપ્રિમ કોર્ટ)

(૫) સ્ટેટ ઓફ ગુજરાત વિ. જીતેન્દ્ર એમ. રાવલ
૨૦૦૫ (૧૦૬) એફ.એલ.આર.૯૭ ( નામ.ગુજરાત હાઈકોર્ટ)

(૬) દિપાલી ગુંડું વિ. ક્રાન્તી જુનીયર અધ્યાપક
૨૦૧૩ (૧૩૯) એફ.એલ.આર.૫૪૧ (નામ. સુપ્રીમ કોર્ટ)

**૧૫.૨)**અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા ઉપર મુજબની મૌખીક દલીલો થયા બાદ હાલનુ કામ સામાવાળા તરફેની દલીલ માટે રાખતા, સામાવાળા નં.૧ સંસ્થા તરફે વિ.વ.શ્રી આશાબેન ગુપ્તા ધ્વારા આ કામે મૌખીક દલીલો કરવામાં આવેલ છે. સામાવાળા નં.૧ સંસ્થા નાં વિ.વ.શ્રી તેઓની મૌખીક દલીલોમાં જણાવે છે કે, હાલનાં રેફરન્સ કેસ નં.૧૩૬૬/૨૦૦૪ તથા રેફરન્સ કેસ નં.૧૩૭૪/ ૨૦૦૪ નાં બંને કામદારો એકબીજા સગા ભાઈ થાય છે. બંને કેસમાં વિવાદનુ કારણ તથા છુટા કર્યા તારીખ એક સરખી દર્શાવેલ છે. બંને કેસોમાં કામદારો તરફે એકસરખુ માંગણા નિવેદન રજુ થયેલ છે. બંને કેસમાં કામદારો તરફે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. વધુમાં કામદારો ધ્વારા કન્સીલીએશન પ્રોસેડીંગ્સમાં તેમની ફરીયાદથી માંગણા નિવેદન માં જુદી વિગતો દર્શાવવામાં આવેલ છે. વધુમાં શ્રમ આયુકત સમક્ષની ફરીયાદમાં કામદારોએ ખોટી તારીખ બતાવેલ છે. ફરીયાદમાં સામાવાળા નં.૧–૨ પૈકી કામદાર ને કોણે છુટા કરેલ હતા? તે જણાવેલ નથી. વધુમાં શ્રમ આયુકત સમક્ષ સામાવાળા નં.૧ ધ્વારા લેખીત જવાબ રજુ કરી કામદાર તે લેબર કોન્ટ્રાકટર નાં માણસો હોવાની સત્ય હકિકતો જણવવામાં આવેલ હતી. વધુમાં શ્રમ આયુકત શ્રી સમક્ષ નં.૨ લેબર કોન્ટ્રાકટર ધ્વારા તા.૨૧/૦૬/૨૦૦૪ નાં રોજ જવાબ રજુ કરી આ કામનાં અરજદાર તેઓનાં કામદાર

હોવાનુ કબુલ રાખવામાં આવેલ છે.

**૧૫.૩**)વધુમાં સામાવાળા નં.૧ તરફેનાં વિ.વ.શ્રી આશાબેન ગુપ્તા તેઓની મૌખીક દલીલોમાં જણાવે છે કે, આ કામે અરજદાર તરફે તેમનાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ, તેઓ સામાવાળા નં.૧ સંસ્થાનાં કાયમી કામદાર હોવા બાબતેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં માંગણા નિવેદનમાં અરજદાર ધ્વારા હાલનાં રેફરન્સ ની અનુસુચી બહારની વિગતો દર્શાવવામાં આવેલ છે. અરજદાર ધ્વારા આ કામે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં અન્ય કોઈ સમર્થન કારક સાહેદ પુરાવો રજુ થયેલ નથી. વધુમાં માંગણા નિવેદનનાં પેરા–૬ ની વિગતો આઈ.ડી.એકટ કલમ–૧૦(૧) મુજબની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા અરજદારની ડીસકવરી અરજી મુજબનાં અસલ દસ્તાવેજોનું સ્થળ નિરીક્ષણ કરવા ઈન્સ્પેકશન આપવામાં આવેલ, જે મુજબ અરજદાર ધ્વારા સામાવાળા નં.૧ સંસ્થાનાં અસલ દસ્તાવેજો નું ઈન્સ્પેકશન કરી, આ કામે ઈન્સ્પેકશન રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૧ સંસ્થાનાં રજુ થયેલ હાજરી પત્રકોમાં કોઈપણ જગ્યાએ અરજદાર નું નામ નથી. વધુમાં સામાવાળા નં.૧ તરફે રજુ થયેલ હાજરી પત્રકો બાબતે નો કોઈ પ્રશ્ન અરજદારનાં પ્રતિનિધિશ્રી ધ્વારા સામાવાળા નં.૧ સંસ્થાનાં સાહેદ ને તેમની ઉલટતપાસ દરમ્યાન પુછવામાં આવેલ નથી.

**૧૫.૪**)વધુમાં સામાવાળા નં.૧ તરફેનાં વિ.વ.શ્રી આશાબેન ગુપ્તા તેઓની મૌખીક દલીલો માં જણાવે છે કે, આ કામે રજુ થયેલ કામદારની લેખીત સરતપાસમાં તેઓને તા.૧૧ /૦૫/૨૦૦૪ નાં રોજ નોકરીમાંથી કોણે છુટા કરેલ ? તે જણાવેલ નથી. વધુમાં અરજદાર ધ્વારા તેમની તા.૦૨/૦૮/૨૦૧૬ નાં રોજ રજુ થયેલ લેખીત સરતપાસમાં તેઓ બેકાર હોવાનુ જણાવેલ છે, પરંતુ આ કામે ઈ.એસ. આઈ. કોર્પોરેશન, અમદાવાદ તરફે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા, આ કામનાં અરજદાર અન્ય જગ્યાએ નોકરી કરતા હોવાનુ અને જે અન્ય માલિક ધ્વારા અરજદારનો ઈ.એસ.આઈ. એકટ અન્વયેનો ફાળો જમા કરાવવામાં આવતો હોવાનુ સાબિત થાય છે. આમ, કામદાર ધ્વારા તેમની લેખીત સરતપાસમાં સોગંદ ઉપર ખોટી હકિકતો જણાવવામાં આવેલ છે. વધુમાં હાલનાં કામે સામાવાળા નં.૧ તરફે રજુ થયેલ સાહેદનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, તેમની લેખીત સરતપાસમાં જણાવેલ વિગતોનુ ઉલટતપાસ

દરમ્યાન ડીનાઈલ લેવામાં આવેલ નથી. જેથી ઉલટતપાસમાં પડકારવામાં આવેલ ન હોય, તેવી સરતપાસની વિગતો પુરવાર થયેલ માની શકાય. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી તેઓની મૌખીક દલીલો દરમ્યાન સંસ્થાનાં સાહેદની ઉલટતપાસ વાંચી સંભળાવી જણાવે છે કે,અરજદાર પ્રતિનિધિશ્રી દ્વારા ૨૪૦ દિવસની હાજરી બાબતે અરજદારની કોઈ ઉલટતપાસ લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ લોકલ ઓફીસ ઈ.એસ.આઈ. નાં દસ્તાવેજો વંચાણે લેતા, આ કામનાં અરજદાર તે સને–૨૦૦૭ થી અન્ય જગ્યાએ નોકરી કરતા હોવાનુ પુરવાર થાય છે. આમ, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૨ લેબર કોન્ટ્રાકટર નાં કામદાર તરીકે સામાવાળા નં.૧ સંસ્થામાં કામગીરી કરતા હોય, તેમજ સામાવાળા નં.૧ સંસ્થા અને અરજદાર વચ્ચે કોઈ માલિક–નોકરનો સંબંધ ન હોય, અરજદારનો હાલનો રેફરન્સ કેસ નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૧૫.૫)**વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તર્ફેના વિ.વ.શ્રી દ્વારા તેમની ઉપરોકત મૌખિક દલીલોના સમર્થનમાં નીચે મુજબના ન્યાયીક ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે. જે તમામ ન્યાયીક ચુકાદાઓ અત્રેની અદાલત દ્વારા માનપૂર્વક રીતે વંચાણે લેવામાં આવેલ છે.

(૧) બાબુરામ વિ.ગર્વમેન્ટ ઓફ એનસીટી ઓફ દિલ્હી અને બીજા
૨૦૧૮(૧૫૭) એફ.એલ.આર.૫૭૫ (નામ.દિલ્હી હાઈકોર્ટ)
(૨) સીવીલ એવીએશન ટ્રેનીંગ કોલેજ વિ.મોહનલાલ પ્રજાપતિ
૨૦૧૮ એલ.એલ.આર.૭૫૮ (નામ.અલ્હાબાદ હાઈકોર્ટ)
(૩) ઈન્ડિયન ઓઈલ કોપ્રોરેશન વિ.ધી યુનીયન ઓફ ઈન્ડિયા
૨૦૧૮ એલ.એલ.આર.૪૮૮ (નામ.પટના હાઈકોર્ટ)
(૪) ચીફ એન્જી.રણજીત સાગર ડેમ વિ.શામ લાલ
૨૦૦૬(૦)જીએલએચઈએલ–એસસી–૩૭૩૪૫ (નામ.સુપ્રિમ કોર્ટ)
(૫) ક્રિષ્ન ભાગ્ય જળ નિગમ લી.વિ.મહંમદ રફી
૨૦૦૬(૦) જીએલએચઈએલ–એસસી–૩૭૬૯૯ (નામ.સુપ્રિમ કોર્ટ)
(૬) નગરપાલીકા નિગમ વિ.બંસી.
૨૦૧૮ એલ.એલ.આર.૧૧૬૨ (નામ.મધ્યપ્રદેશ હાઈકોર્ટ)
(૭) મેનેજમેન્ટ ઓફ રીજોયોનલ ચીફ એન્જી.રાંચી વિ. તેના કામદારો
૨૦૧૮ એલ.એલ.આર.૧૧૬૭ (નામ.સુપ્રિમ કોર્ટ)
(૮) રાજસ્થાન રોડ ટ્રાન્સપોર્ટ વિ. શ્રી ફુલચંદ (સ્વ.) વારસદારો

૨૦૧૮ એલ.એલ.આર.૧૧૬૯ (નામ.સુપ્રિમ કોર્ટ)
(૯) ગૌરીશંકર ચેર્ટજી.વિ.ટેકસમેકો લી.
૨૦૦૦(૦)જીએલએચઈએલ–એસસી ૯૭૬૫ (નામ.સુપ્રિમ કોર્ટ)
(૧૦) મેસર્સ પામવેલ ટીસ્યુ લી.વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ
૨૦૧૯ એલ.એલ.આર.૧૧૧૧ (નામ.હીમાચલ પ્રદેશ હાઈકોર્ટ)
(૧૧) રાકેશ શર્મા વિ. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન
૨૦૧૯ એલ.એલ.આર.૧૧૦૯ (નામ.હીમાચલ પ્રદેશ હાઈકોર્ટ)

**૧૫.૬**)સામાવાળા નં.૧ તર્ફેના વિ.વ.શ્રી ધ્વારા ઉપર મુજબની મૌખિક દલીલો થયા બાદ, અરજદાર તર્ફેના પ્રતિનિધિશ્રી તેમની ફેર દલીલો કરતા જણાવે છે કે,આ કામે અરજદાર ધ્વારા રેફરન્સની અનુસૂચિ મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તેમનું માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ છે. વધુમા સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા મટીરીયલ પેકીંગનો કોન્ટ્રાકટ નં.ર ને આપવામાં આવેલ હતો. આ કામના અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થામાં કાયમી કામદાર તરીકે મશીન ઓપરેટર તરીકે કામગીરી કરતા હતા.વધુમાં અરજદારે સામાવાળા નં.૧ સંસ્થામાં ર૪૦ દિવસની કામગીરી કરેલ ન હોવા બાબતે કોઈ પુરાવો સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા રજુ થયેલ નથી.વધુમાં હાલના કામદારની હાજરી સામાવાળા નં.૧ સંસ્થાના સુપરવાઈઝર પુરતા હતા. જે તમામ હકીકતો ધ્યાને રાખી,હાલનો રેફરન્સ કેસ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૧૬)**આ કેસમાં રજુ થયેલ માંગણા નિવેદન, સામાવાળા સંસ્થા તરફે લેખીત જવાબ તથા પક્ષકારો તરફે રજુ લેખીત તથા મૌખિક પુરાવાઓ, રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા અરજદારના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો લક્ષમાં લેતાં આ કામના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દાઓ :–

**મુદ્દા નં.૧ :–** શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સંસ્થાનું તેમને તા.૧૧/૦૫ /૨૦૦૪ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય અયોગ્ય, અન્યાયી, ગેરકાયદેસર,ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું હોઈ, તેઓ પડેલ દિવસોના પુરા પગાર તેમજ તમામ આનુસાંગિક લાભો સાથે સળંગ નોકરીથી તેમની મુળ જગ્યાએ નોકરી માં પુન: સ્થાપીત થવા હકકદાર છે ?

**<u>મુદા નં.૨ :</u>–** શુ સામાવાળા નં.૧ પુરવાર કરે છે કે, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૨ લેબર કોન્ટ્રાકટરનાં કામદાર હોવાથી, અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે કોઈ નોકર–માલિકનાં સંબંધ નથી ?

**<u>મુદા નં.૩ :</u>–** શું હુકમ ?

**(૧૭)** ઉપરોકત મુદ્દાઓનાં મારા તારણો તથા કારણો નીચે મુજબ છે.

**<u>–:: તારણો ::–</u>**

**(૧) મુદ્દા નં.૧ :– ' નકારમાં',**

**(૨) મુદ્દા નં.૨ :– ' હકારમાં',**

**(૩) મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.**

**<u>– : : કારણો : : –</u>**

**(૧૮) <u>મુદા નં.૧–૨ અંગે :–</u>**

**૧૮.૧)** આ કામે અરજદાર તરફે રજુ તકરારના સમર્થનમાં મૌખીક દસ્તાવેજી પુરાવા લક્ષ માં લેતા આ તબ્બકે કાયદાની જરુરી જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરુરી જણાય છે. જે ઐાદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ નીચે મુજબ છે.

**<u>કલમ–૨ (૦૦)</u>** 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ; અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb)માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

**<u>કલમ–૨૫–B (25 - B) સળંગ નોકરીની વ્યાખ્યા.</u>**

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા

ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય ;

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, –

(ક) (a) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

**<u>કલમ – ૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો</u>**

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી,

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી)તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી)સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ

કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહીં.

**<u>કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી.</u>**

કોઈ ઔધોગીક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહું સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલીક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહું વર્ગમાં છેલ્લે કામે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે. સિવાય કે માલીકે કારણોની લેખિત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

**<u>કલમ–૨૫ એચ. છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત.</u>**

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલીક કોઈ વ્યકિતઓ ને કામે રાખવા માંગે, ત્યારે તેનો, ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતા પહેલી પસંદગી આપવી જોઈશે.

**૧૮.૨)** આ કામમા અરજદારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં આંક–૨૦ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. આ કામના અરજદાર ધ્વારા તેમની આંક–૨૦ થી તા.૦૨/૦૧/૨૦૧૭ નાં રોજ રજુ સોગંદ ઉપરની લેખીત સરતપાસમાં તેમનાં માંગણાના નિવેદનની વિગતો નું પુનરાવર્તન કરી જણાવે છે કે,સામાવાળા સંસ્થા ધ્વારા તેઓની નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા બાદ, તેઓએ ઘણી જગ્યાએ નોકરી શોધવા પ્રયાસો કરવા છતા બીજે કયાંય નોકરી મળી શકેલ નથી અને અરજદાર હાલમાં પણ બેકારીની હાલતમાં જીવે છે.

**૧૮.૩)**સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી કે.એચ.પટેલ ધ્વારા તા.૦૮/૦૧/ ૨૦૧૮ નાં રોજ લેવામાં આવેલ ઉલટતપાસમાં અરજદાર જણાવે છે કે,**તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીમાં કામ કરતા હતા,તે બતાવતો કોઈ લેખિત પુરાવો તેઓ પાસે નથી,તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીના કાયમી કામદાર હતા,તે બતાવતો પણ કોઈ લેખિત પુરાવો તેઓ અરજદાર પાસે નથી. વધુમાં**

**અરજદારના જણાવ્યા મુજબ,તેઓએ જેટલા સમય કામ કરેલ તે સમય દરમ્યાન તેઓનો ઈ.એસ. આઈ અને પી.એફની કપાત થતી હતી. અરજદારના જણાવ્યા મુજબ તેઓને ઈ.એસ.આઈનું કાર્ડ અને પી.એફની સ્લીપ મળેલ નથી. અમુલભાઈ કે જઓ સંસ્થામાં હાજરી પુરતા હતા, તેઓ એ જણાવેલ કે, અરજદારના ઈ.એસ.આઈ તથા પી.એફની કપાત થાય છે. અમુલભાઈ હાલ કંપની માં ફરજ બજાવે છે કે કેમ? તેની ખબર નથી.વધુમાં અરજદારના જણાવ્યા મુજબ,તેઓને પગાર ચૂકવ્યા બદલ સહી કરાવતા હતા, આ સહી શેમા કરાવવામાં આવતી હતી? તેની અરજદારને ખબર નથી. સહી શેમા કરાવવામાં આવે છે? અને શા માટે કરાવવામાં આવે છે? તેની કોઈ પુછપરછ અરજદારે કરેલ નથી. વધુમા અરજદારના જણાવ્યા મુજબ,તેઓ જયેશભાઈ પટેલ ને ઓળખતા નથી. જયેશભાઈ પટેલ તેઓને કોન્ટ્રાકટમાં કામે રાખે તો અરજદાર જવા તૈયાર નથી.**

**૧૮.૪)**વધુમાં આ કામના અરજદાર તેમની આંક–૨૦ હેઠળની સોગંદ પરની ઉલટતપાસ માં જણાવે છે કે,**આંક–૪ થી રજુ માંગણા નિવેદનમાં તેઓની સહી છે. આ સહી કંપનીના માણસ અમુલભાઈએ તેઓ પાસે કરાવેલ છે. આંક–૪ માં લખેલ વિગતો અરજદારને વાંચી સંભાળાવેલ નથી. હાલ નો રેફરન્સ પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ સામે કરેલ છે. અરજદારના જણાવ્યા મુજબ તેઓએ જયેશભાઈ કોન્ટ્રાકટર સામે કેસ કરેલ નથી. તેઓને લેખિતમાં છુટા કરવાનો હુકમ આપેલ નથી. જયેશભાઈ પટેલ તે પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીના કોન્ટ્રાકટર હોવાની ખબર નથી. કાયમી કામદારના લાભ મેળવવા પ્રથમ પક્ષકાર નં.૧ કંપની સામે કોઈ કેસ કરેલ નથી. આંક–૨૦ ના સોગંદનામા હેઠળ તેઓની સહી છે.આંક–૨૦ નું સોગંદનામું વાંચેલ નથી. વધુમાં અરજદારના જણાવ્યા મુજબ,તેઓએ તા.૧૦/૩/૨૦૦૪ થી તા.૧૦/૫/૨૦૦૪ સુધીની રજા લીધેલ,તે બતાવવા તેઓ પાસે કોઈ પુરાવો નથી.** વધુમાં અરજદાર તેમની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ જયેશભાઈ પટેલ કોન્ટ્રાકટરના કામદાર હતા અને તેઓને કામ ઉપર જયેશભાઈ પટેલે રાખેલ તેમજ તેઓને પગાર આ જયેશભાઈ પટેલ ચૂકવતા હતા. વધુમાં અરજદારના કથન મુજબ,તેઓના ઘરમાં

ચાર સભ્યો છે,જેમા અરજદાર તથા તેમની પત્ની તથા એક પુત્ર અને એક પુત્રી છે. તેમના પુત્રની ઉંમર ૧૯ વર્ષની છે.તેમનો પુત્ર દુકાનમાં સિલાઈ કામ કરે છે. **અરજદાર હાલ બેકાર છે અને નોકરીની શોધખોળ કરે છે.** તેઓનો પુત્ર તથા પત્ની સિલાઈ કામ કરે છે,તેમાથી ગુજરાન ચાલે છે. નોકરી મેળવવા અરજદારે કોઈ જગ્યાએ લેખિત અરજી કરેલ નથી.

**૧૮.૫)**વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા દ્વારા તેમનાં આંક–૬ થી રજુ લેખીત જવાબનાં સમર્થનમાં આંક–૩૫ થી સાહેદ રાકેશ હરમોહન રાય સકશેના નો મૌખીક પુરાવો રજુ થયેલ છે. સંસ્થાનાં હાલનાં સાહેદ તેમની લેખીત સરતપાસમાં જણાવે છે કે, તેઓ સામાવાળા નં.૧ સંસ્થામાં એપ્રિલ–૨૦૧૭ થી ફેકટરી મેનેજર તરીકે ફરજ બજાવે છે. અગાઉ તેઓએ આ સંસ્થામાં સને–૨૦૦૪ થી ૨૦૦૯ સુધી કામ કરેલ હતુ. તેઓ આ કામનાં અરજદારને ઓળખે છે. સામાવાળા નં.૧ સંસ્થાએ અરજદારને કામદાર તરીકે કદાપી કામે રાખેલ ન હતા. વધુમાં હાલનાં સાહેદ દ્વારા તેમની લેખીત સરતપાસમાં આંક–૩૩ નાં લીસ્ટ થી રજુ તમામ દસ્તાવેજોનો ઉલ્લેખ કરી, વધુમાં જણાવે છે કે, આ કામે અરજદાર દ્વારા તેમનુ ઈ.એસ.આઈ. કાર્ડ રજુ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર નં.ર સ્વતંત્ર રીતે ઈ.એસ.આઈ. એકટ અને પી.એફ. એકટ હેઠળ નોંધાયેલ છે, તેઓને ઈ.એસ.આઈ. એકટ હેઠળ કોર્ડ નં.૩૭/૧૯૫૭૩–૯૦ એન.પી.ફાળવવામાં આવે છે. બીજા પક્ષકાર અરજદાર નો ઈ.એસ.આઈ. ઈન્સોરન્સ નં. ૩૭–૪૪૭૯૧૪૬ છે. આ નંબર પ્રથમ પક્ષકાર નં.ર માં કોડ નંબર હેઠળ ફાળવવામાં આવે છે. નિ.૩૩/૪રમાં અરજદારનું નામ છે. નિ.૩૩/૪ર અને નિ.૩૩/૪૩ પ્રથમ પક્ષકાર નં.ર ની સહીથી ભરાવેલ ફોર્મ છે. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા નાં સાહેદનાં જણાવ્યા મુજબ અરજદાર તેમનાં કામદાર ન હતા. અરજદારની ભરતી સામાવાળા નં.૧ કંપની દ્વારા કરવામાં આવેલ નથી. અરજદારને વેતન સામાવાળા નં.૧ દ્વારા ચુકવાતુ ન હતુ. અરજદારની કામગીરી ઉપર સામાવાળા નં.૧ કંપનીનાં કોઈ અધિકારી દેખરેખ રાખતા ન હતા. અરજદારની ભરતી સામાવાળા નં.રનાએ કરેલ હતી. અરજદારનાં કામકાજ ઉપર દેખરેખ સામાવાળા નં.ર રાખતા હતા અને અરજદારને વેતન સામાવાળા નં.ર ચુકવતા હતા. વધુમાં હાલનાં સાહેદ તેમની લેખીત સરતપાસમાં જણાવે છે કે, આ

કામનાં અરજદાર વટવા મુકામે આવેલ કંપની નામે નવયુગ ઈલેકટ્રીકલ્સ મોટર એન્ડ પંપ માં ઘણાં સમયથી નોકરી કરે છે. તેઓની દાખલ તા.૦૧/૦૭/૨૦૦૭ છે. આ કંપનીમાં અરજદારને ઈ.એસ.આઈ.નં.૩૭૦૫૩૫૭૬૫૧ ફાળવવામાં આવેલ. આ કંપનીમાં ઈ.એસ.આઈ. કોડ નં.૩૭૦૦૦૧૪૩૩૩૦૦૦૦૬૦૨ છે. આમ અરજદારે ઈ.એસ.આઈ.કોર્પોરેશન સાથે છેતરપીંડી કરી, તેઓનો ઈનસોરન્સ નંબર બદલી નાખેલ છે.

૧૮.૬)વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી પ્રશાંતભાઈ ચૌધરી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સામાવાળા નં.૧ સંસ્થાનાં સાહેદ જણાવે છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં ૨૦૦૪ થી ૨૦૦૯ દરમ્યાન મેનેજર તરીકે ફરજ બજાવતા હતા, તે દર્શાવતો પુરાવો તેમની પાસે છે. વધુમાં હાલનાં સાહેદની તેમની ઉલટતપાસ દરમ્યાન આ કામે નિ.૩૩/૩૭ થી નિ.૩૩/૪૦ સુધી રજુ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનાં જાન્યુઆરી–૨૦૦૪ થી એપ્રિલ–૨૦૦૪ સુધીનાં હાજરી પત્રક બતાવવામાં આવતા, હાલનાં સાહેદ એ હકિકત કબુલ રાખે છે કે, આ હાજરી પત્રકમાં તેઓનુ કયાંય નામ નથી. વધુમાં હાલનાં સાહેદ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, જયેશ લેબર કોન્ટ્રાકટરને મેન પાવર સપ્લાયનો કોન્ટ્રાકટ આપવામાં આવેલો. જયેશ લેબર કોન્ટ્રાકટરને સ્ટેમ્પીંગ રીલેટેડ કામ, હાઉસ કિપીંગ, લોડીંગ–અનલોડીંગ ની કામગીરી નો કોન્ટ્રાકટ આપવામાં આવેલો. વધુમાં હાલનાં સાહેદનાં જણાવ્યા મુજબ, કોન્ટ્રાકટરે લેબર એકટ હેઠળ કામગીરી માટે લાયસન્સ સને–૧૯૯૯–૨૦૦૦ મેળવેલ. નિ.૨૮/૧ થી રજુ તા.૩૦/૦૬/૨૦૦૦ નાં લાયસન્સ માં મટીરીયલ પેકીંગ કામનો ઉલ્લેખ છે. વધુમાં હાલનાં સાહેદનાં જણાવ્યા મુજબ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા અને નં.૨ કોન્ટ્રાકટર વચ્ચે તેમનાં સમય દરમ્યાન થયેલ કરારો તેઓએ જોયેલ છે. એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર નં.૨ કોન્ટ્રાકટર તેમનાં માણસોનુ બીલ દર મહિને પ્રથમ પક્ષકાર નં.૧ માં રજુ કરતી હતી, આવા કોઈ બીલો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બીલો સાથે કોન્ટ્રાકટરનાં માણસો ની સખ્યા નામો, હાજર દિવસોની વિગતો, પગારનો દર અને સર્વિસ ચાર્જ ની વિગતો દર્શાવવામાં આવે છે. એ વાત ખરી છે કે,સંબંધીત કામદાર ઉપર કામની દેખરેખ, સોંપણી કોન્ટ્રાકટરનાં સુપરવાઈઝર કરતા હતા, તેવો કોઈ દસ્તાવેજી

પુરાવો તેમની પાસે નથી. એ વાત ખરી છે કે, સંબંધીત કામદાર જે કામગીરી કરતા હતા,તે કામગીરી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની જગ્યામાં થતી હતી. વધુમાં હાલનાં સાહેદનાં જણાવ્યા મુજબ અરજદારની હાજરી કોન્ટ્રાકટર ધ્વારા પુરવામાં આવેલ હોય અને પગાર કોન્ટ્રાકટરે ચુકવેલો હોય, તેવા દસ્તાવેજી પુરાવા તેમની પાસે છે. જે પુરાવા તેઓ આ કામે રજુ કરવા તૈયાર છે.

**૧૮.૭)**વધુમાં આંક–૩૫ હેઠળની સામાવાળા નં.૧ સંસ્થાનાં સાહેદ રાકેશ હરમોહન સકશેના ની ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ સને–૨૦૦૪ માં કોન્ટ્રાકટરનાં સુપરવાઈઝર રમેશભાઈ હતા. એ વાત ખરી છે કે, સને–૨૦૦૪ થી ૨૦૦૯ દરમ્યાન પ્રથમ પક્ષકાર નં.ર નો કોન્ટ્રાકટર પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં ચાલુ હતો. વધુમાં હાલનાં સાહેદ એ હકિકત કબુલ રાખે છે કે, મશીન ઓપરેટર તરીકેની કામગીરીનો કોન્ટ્રાકટ કોન્ટ્રાકટરને આપવામાં આવેલ ન હતો. વધુમા આ કામે આંક–૩૦ નાં લીસ્ટ થી ઉપરોકત સાહેદ ધ્વારા તેમનાં નિમણુક પત્રની તથા રાજીનામાંની ઝેરોક્ષ નકલ રજુ થયા બાદ, તા.૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ લેવામાં આવેલ ઉલટતપાસમાં ઉપરોકત સાહેદ જણાવે છે કે, હાલનો વિવાદ સને–૨૦૦૪ માં ઉપસ્થિત થયો ત્યારે તેઓ નોકરીમાં ન હતા. એ વાત ખરી છે કે, કામદાર નાં કેસ અંગે તેઓને વ્યકિતગત જ્ઞાન નથી. તેઓને રેકર્ડ આધારીત માહિતી છે.

**(૧૯)** હાલના કામે પક્ષકારો તર્ફે રજુ થયેલ ઉપરોકત મૌખિક પુરાવાની હકીકતો ધ્યાને રાખી રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા,આ કામે અરજદાર તર્ફે તેમના માંગણા નિવેદનના સમર્થનમાં ફકત મૌખિક પુરાવો રજુ થયેલ છે. અરજદાર ધ્વારા તેમના માંગણા નિવેદનના સમર્થનમાં કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. હાલના કામે અરજદારના કેસ મુજબ, તેઓ સામાવાળા નં.૧ સંસ્થામાં કાયમી કામદાર તરીકે મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થાના બચાવ મુજબ,આ કામના અરજદાર તે સામાવાળા નં.ર જયેશ પટેલ લેબર કોન્ટ્રાકટરના કામદાર હતા અને અરજદાર તથા સામાવાળા નં.૧ સંસ્થા વચ્ચે કોઈ નોકર– માલિકનો સબંધ નથી.

**૧૯.૧)** વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે તેમના લેખિત બચાવના સમર્થનમાં આંક-૨૪/૧ થી સામાવાળા નં.૧ સંસ્થાએ કોન્ટ્રાકટ લેબર એકટ,૧૯૭૦ હેઠળ મેળવેલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જે આંક-૨૪/૧ થી રજુ દસ્તાવેજો ધ્યાને લેતા,જે સામાવાળા નં.૧ સંસ્થાને તા.૨૧/૯/૧૯૯૦ ના રોજના આસી.કમીશ્નર ઓફ લેબર,અમદાવાદના પત્રથી કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ ફાળવવામાં આવેલ સર્ટીફીકેટ તથા તેના આનુસાંગિક આધાર છે. વધુમાં આંક-૨૪/૨ વંચાણે લેતા,તે સામાવાળા નં.૨ સંસ્થાને મદદનીશ મજુર કમીશ્નર અને લાયસન્સીંગ ઓફીસર,અમદાવાદ ધ્વારા તા.૩૦/૬/૨૦૦૦ ના રોજ ફાળવવામાં આવેલ લાયસન્સ છે. આંક-૨૪/૨ ધ્યાને લેતા,સામાવાળા નં.૨ પટેલ લેબર કોન્ટ્રાકટરને સામાવાળા નં.૧ સંસ્થામાં મટીરીયલ પેકીંગની કામગીરી માટે કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયે લાયસન્સ ફાળવવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં આંક-૨૪/૨ વંચાણે લેતા,સામાવાળા નં.૨ ને ફાળવવામાં આવેલ કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયેનું લાયસન્સ સક્ષમ ઓથોરીટી ધ્વારા અવાર-નવાર રીન્યુ કરવામાં આવેલ હોવાનું જાણી શકાય તેમ છે.

**૧૯.૨)** વધુમાં આ કામે અરજદાર તરફે આંક-૧૫ થી ડીસ્કવરી અરજી રજુ કરી, સામાવાળા સંસ્થાનાં કબજામાં થયેલ જાન્યુઆરી-૨૦૦૧ થી મે-૨૦૦૪ સુધીની હાજરી પત્રકો અને પગાર પત્રકો રજુ કરાવવા તથા કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ સામાવાળા નં.૨ નાંએ મેળવેલ લાયસન્સ રજુ કરાવવા અરજી આપતા, જે અરજી આ કામનાં મારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તેમનાં અસલ હાજરી પત્રકો તથા પગાર પત્રકો નું ઈન્સ્પેકશન આપવા આંક-૨૫ થી અરજી આપવામાં આવતા, અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા સામાવાળા નં.૧ સંસ્થાનાં જાન્યુઆરી-૧૯૯૮ થી માર્ચ-૨૦૦૪ સુધીનાં દરેક માસનાં હાજરી પત્રક અને પગાર પત્રકોનું જાતે ઈન્સ્પેકશન કરી, આંક-૨૬ થી તેમનો ઈન્સ્પેશકશન રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે,જે આંક-૨૬ નો ઈન્સ્પેકશન રીપોર્ટ વંચાણે લેતા, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનાં હાજરી પત્રક તેમજ પગાર પત્રકમાં આ કામનાં અરજદારનું કોઈ પણ જગ્યાએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનાં કામદાર તરીકે નામ ચાલુ હોવાનુ જણાવેલ નથી.

**૧૯.૩)**વધુમાં આ કામે અરજદારનો મૌખીક પુરાવો લક્ષમાં લેતા, તેઓનાં જણાવ્યા મુજબ સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તેમની હાજરી પુરી, પગાર ચુકવવામાં આવતો હતો. વધુમાં અરજદારનાં કથન મુજબ તેમની કામગીરી ઉપર દેખરેખ સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા રાખવામાં આવતી હતી. અરજદાર નો ઉપર મુજબ નો મૌખીક પુરાવો ધ્યાને રાખી, આ કામે સામાવાળા નં.૧ સંસ્થા તરફે તેમનાં આંક–૩૩ નાં લીસ્ટથી રજુ થયેલ જાન્યુઆરી–૨૦૦૧ થી મે–૨૦૦૪ સુધીનાં હાજરી પત્રકો લક્ષમાં લેતા, તેમાં કોઈપણ જગ્યાએ અરજદારનુ નામ હોવાનુ જણાય આવતુ નથી. વધુમાં સામાવાળા નં.૧ તરફે આ કામે તેમનાં બચાવ નાં સમર્થનમાં નિ.૩૩/૪૨ થી રજુ ઈ.એસ.આઈ. યોજના હેઠળનુ ડેકલેરેશન ફોર્મ તેમજ નિ.૩૩/૪૩ થી રજુ રીટર્ન ઓફ ડેકલેરેશન ની કોપી ધ્યાને લેતા, આ કામનાં અરજદાર તે પ્રથમ પક્ષકાર નં.૨ પટેલ લેબર સીકયોરીટી કોન્ટ્રાકટર નાં કામદાર તરીકે ફરજ બજાવતા હોવાનુ જણાવેલ છે.

**૧૯.૪)**વધુમાં આ કામે અરજદારની સોગંદ ઉપરની ઉલટતપાસ લક્ષમાં લેતા, તેઓ એ હકિકત કબુલ રાખે છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં કામગીરી કરતા હોવા બાબતનો તેમની પાસે કોઈ લેખીત આધાર પુરાવો નથી. વધુમાં હાલનાં કામે આંક–૩૫ હેઠળનો સામાવાળા નં.૧ સંસ્થાનાં સાહેદનો મૌખીક પુરાવો વંચાણે લેતા, સદરહુ સાહેદ ધ્વારા તેમની લેખીત સરતપાસમાં આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૨ ને ઈ.એસ.આઈ.યોજના હેઠળ અને પ્રો.ફંડની યોજના હેઠળ ફાળવવામાં આવેલ નંબર હેઠળ નોંધાયેલ હોવાનુ જણાવે છે. ઉપરોકત સાહેદનાં મૌખીક પુરાવાને આ કામે રજુ થયેલ માર્ક–૩૩/૪૨ અને માર્ક–૩૩/૪૩ નાં દસ્તાવેજોથી સમર્થન મળી રહે છે.

**૧૯.૫)**વધુમાં આ કામે આંક–૪ થી રજુ અરજદાનુ માંગણા નિવેદન વંચાણે લેતા, તેમાં જણાવ્યા મુજબ આ કામનાં અરજદાર સામાવાળા નં.૧ સંસ્થામાં નોકરી કરતા હતા, તે દરમ્યાન સંસ્થાનાં અધિકારીશ્રીની પુર્વ મંજુરી લઈ તા.૧૦/૦૩/ ૨૦૦૪ થી તા.૧૦/૦૫/૨૦૦૪ સુધી સામાજીક કારણસર રજા ઉપર રહેલા અને રજા પુરી થયા બાદ તા.૧૧/૦૫/૨૦૦૪ નાં રોજ ફરજ ઉપર હાજર થતા, સામાવાળા સંસ્થાઓ

દ્વારા કામે રાખવામાં આવેલ નથી. અરજદારનાં માંગણા નિવેદનમાં જણાવેલ ઉપરોકત હકિકતો ધ્યાને રાખી, રેકર્ડ પરનાં સમગ્ર પુરાવો વંચાણે લેતા, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થામાં કોઈ કામગીરી કરતા હોય, તેમજ તા.૧૦/૩/૨૦૦૪ થી તા.૧૦/૦૫/૨૦૦૪ સુધી અરજદારે સામાવાળા નં.૧ સંસ્થામાં કોઈ રજા મેળવેલ હોવાનુ દર્શાવતો કોઈ પુરાવો અરજદાર પક્ષે આ કામે રજુ થયેલ નથી. વધુમાં રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા, આંક–૪ નાં માંગણા નિવેદનમાં સામા. નં.૧–૨ સંસ્થાઓ પૈકી ચોકકસ કઈ સંસ્થા દ્વારા અરજદારને તેમની કામગીરીમાંથી છુટા કરવામાં આવેલ હોવાનુ જણાવવામાં આવેલ નથી.

**૧૯.૬**)વધુમાં હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા, આંક–૪ થી અરજદાર તરફે તા.૨૮/૦૨/૨૦૦૫ નાં રોજ તેમનુ માંગણા નિવેદન રજુ થયા બાદ, અરજદાર આ કામે તેમનો મૌખીક પુરાવો રજુ કરવા કોર્ટમાં હાજર ન રહેતા, અરજદારનો મૌખીક પુરાવાનો હકક અરજદારની ગેરહાજરી ધ્યાને રાખી, બંધ કરવા હુકમ કરવામાં આવેલ. વધુમાં આંક–૧૪ થી અરજદાર તરફે તેમનો પુરાવાનો હકક રી–ઓપન કરવા તા.૧૫/૦૭/૨૦૧૦ નાં રોજ અરજી રજુ થયા બાદ, અરજદાર તરફે આંક–૨૦ થી તા.૧૫/૦૨/૨૦૧૬ નાં રોજ તેમની લેખીત સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. આમ, રેકર્ડ પરની ઉપરોકત હકિકતો લક્ષમાં લેતા, આ કામનાં અરજદાર દ્વારા હાલનો વિવાદ અત્રેની અદાલતમાં આવ્યા બાદ, આશરે ૧૨ વર્ષ પછી તેમનો મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**૧૯.૭**)વધુમાં આ કામે અરજદાર તરફે આંક–૨૦ થી તા.૧૫/૦૨/૨૦૧૬ નાં રોજ રજુ થયેલ સોગંદ પરની લેખીત સરતપાસનાં પેરા–૮ માં તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા બાદ તેઓએ બીજી ઘણી જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોવા છતા, કયાય નોકરી મળેલ ન હોવાનુ જણાવી, તેઓ બેકારીની હાલતમાં જીવી રહયા હોવાનુ જણાવેલ છે. અરજદાર દ્વારા તેમની સોગંદ પરની લેખીત સરતપાસમાં જણાવેલ ઉપરોકત વિગતો ધ્યાને રાખી, આ કામે લોકલ ઓફીસ ઈ.એસ.આઈ. કોર્પોરેશન વટવા અમદાવાદ દ્વારા રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા, આ કામનાં અરજદાર સને–૨૦૦૮ થી અન્ય સંસ્થા નામે નવયુગ ઈલેકટ્રીકલ્સ મોટર એન્ડ

પંપમાં નોકરી કરતા હોવાનુ ફલીત થાય છે અને હાલ સને–૨૦૧૯ માં આ કામનાં અરજદાર ઉપરોકત સંસ્થામાં કામગીરી કરતા હોવાનુ અને ઉપરોકત સંસ્થા ધ્વારા અરજદારનો ઈ.એસ.આઈ. એકટ અન્વયેનો ફાળો જમા કરાવવામાં આવતો હોવાનુ ફલીત થાય છે. આમ,રેકર્ડ પરની ઉપરોકત હકિકતો વંચાણે લેતા, આ કામનાં અરજદાર ધ્વારા તેમની સોગંદપરની લેખીત સરતપાસમાં તેઓ બેકાર હોવાની ખોટી હકિકતો અત્રેની ન્યાયની અદાલત સમક્ષ સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ, આ કામનાં અરજદારે ઈ.પી.કો. કલમ–૧૯૧ હેઠળ ખોટો પુરાવો રજુ કરવાનો ફોજદારી ગુનો કરેલ હોવાનુ પ્રાથમિક રીતે માની શકાય તેમ છે.

૧૯.૮)વધુમાં હાલનાં કામે અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા તેમની મૌખીક દલીલો નાં સમર્થનમાં રજુ કરેલ નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો **સેક્રેટરી હરીયાણા સ્ટેટ ઈલેકટ્રીસીટી બોર્ડ વિ. સુરેશ અને બીજાઓ ૧૯૯૯ (૩) સુપ્રિમ ૨૭૭** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ કોન્ટ્રાકટર ધ્વારા કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ લાયસન્સ મેળવવામાં આવેલ ન હોય, તેમજ માલિક ધ્વારા કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ કોઈ રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલ ન હોય, તેવા કીસ્સામાં કામદાર તે મુખ્ય માલિકની નોકરી માં હોવાનુ ઠરાવવામાં આવેલ છે. અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી, હાલનાં કામે રેકર્ડ પરની ઉલટતપાસ વંચાણે લેતા, સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ સક્ષમ ઓથોરીટી સમક્ષ રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલ છે, તેમજ રેકર્ડ પરનાં પુરાવા લક્ષમાં લેતા,સામાવાળા નં.૨ સંસ્થાએ પણ કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયે જરૂરી કાયદાકીય લાયસન્સ મેળવેલ હોવાનુ રેકર્ડ પરનાં પુરાવાથી ફલીત થતુ હોય, અરજદારનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે તેઓનાં કેસને મદદરૂપ બની શકે તેમ નથી, તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

૧૯.૯)વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **કાનપુર ઈલેકટ્રીસીટી સપ્લાય કંપની લી. વિ. શમીમ મીર્ઝા ૨૦૦૯ એલ.એલ. આર. પાના નં.૨૨૬ (નામ. સુપ્રિમ કોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં ઠરાવ્યા

મુજબ કામદાર–માલિકનાં સંબંધ તે હકિકતનો પ્રશ્ન છે, જેનો ન્યાય–નિર્ણય રેકર્ડ પરની વિગતો ધ્યાને લઈ કરવો આવશ્યક છે. હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો લ ક્ષમાં લેતા, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થા નાં કામદાર તરીકે કામ કરતા હોવાનુ દર્શાવતો કોઈ આધારભુત પુરાવો અરજદાર પક્ષે રજુ થયેલ ન હોય, ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે અરજદાર પક્ષનાં કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

**૧૯.૧૦)** વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **સ્ટીલ ઓથોરીટ ઓફ ઈન્ડીયા લી. વિ. ગુજરાત મજદુર પંચાયત ૨૦૦૪ (૨) એલ.એલ.જે. ૯૭૦ (નામ. ગુજરાત હાઈકોર્ટ)** નાં કામે તથા **ઈન્ડીયન ફાર્મસ ફર્ટીલાઈઝર કો.ઓ. લી. વિ. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અલ્હાબાદ ૨૦૦૨ (૧) એલ.એલ.જે. ૧૧૪૫ (નામ. સુપ્રિમ કોર્ટ)** ના કામે ઠરાવ્યા મુજબ, કામદાર કોન્ટ્રાકટર હેઠળ કામગીરી કરતા હોવાનુ માલિક ધ્વારા સાબિત કરવામાં ન આવે તો તેવા કીસ્સામાં તે કામદાર મુખ્ય માલિકની કામગીરી કરતા હોવાનુ માની શકાય. અરજદાર નાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી, હાથ પરનાં કેસની વિગતો લક્ષમાં લેતા, આ કામે સામાવાળા નં.૧ સંસ્થા તરફે રજુ થયેલ ઈ.એસ.આઈ. એકટ અન્વયેનું ડેકલેરેશન ફોર્મ વંચાણે લેતા, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.ર કોન્ટ્રાકટરનાં કામદાર તરીકે નોંધાયેલ હોવાનુ ફલીત થતુ હોય, ઉપરોકત ન્યાયીક ચુકાદો અરજદારનાં પક્ષનાં કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

**૧૯.૧૧)**વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો વંચાણે લેતા, **સ્ટેટ ઓફ ગુજરાત વિ. જીતેન્દ્ર એમ. રાવલ ૨૦૦૫ (૧૦૬) એફ.એલ.આર.૯૭ (નામ.ગુજરાત હાઈકોર્ટ)** ના કામે ઠરાવ્યા મુજબ જો માલિક ધ્વારા કામદારને હાજરી કાર્ડ, પે–સ્લીપ, ઓળખકાર્ડ વગેરે આપવામાં આવતા ન હોય, તો તેવા કીસ્સામાં કામદારનાં મૌખીક પુરાવા ઉપર આધાર રાખી ર૪૦ દિવસની કામગીરી માની શકાય. અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી, હાલનાં કેસની હકિકતો લક્ષમાં લેતા, આ

કામે રજુ થયેલ સામાવાળા નં.૧ સંસ્થાનાં હાજરી પત્રકો માં અરજદારનુ નામ સંસ્થા નાં કામદાર તરીકે ચાલતુ હોવાનુ જણાય આવતુ ન હોય, તેમજ રેકર્ડ પરનો પુરાવો લક્ષમાં લેતા, આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થામાં કામગીરી કરતા હોવાનુ દર્શાવતો કોઈ પુરાવો અરજદાર તરફે આ કામે રજુ થયેલ ન હોય, ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે અરજદાર પક્ષનાં કેસને મદદરૂપ માની શકાય તેમ નથી.

**૧૯.૧૨)**વધુમાં અરજદાર તરફેનાં પ્રતિનિધિશ્રી ધ્વારા રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો વંચાણે લેતા, **દિપાલી ગુંડું વિ. ક્રાન્તી જુનીયર અધ્યાપક ૨૦૧૩(૧૩૯) એફ.એલ.આર.પ૪૧ (નામ. સુપ્રીમ કોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા કામદારનાં પડેલ દિવસોનાં પગાર એટલે કે, બેકવેજીસ બાબતે ન્યાયીક સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી, આ કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા, આંક–૪ નાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ તા.૧૧/૦પ/૨૦૦૪ નાં રોજ અરજદાર ને નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકિકત સાબિત થતી ન હોય, તેમજ આ કામે આંક–૪ નું માંગણા નિવેદન રજુ કર્યા બાદ, આશરે ૧૨ વર્ષ પછી અરજદાર ધ્વારા તેમનો મૌખીક પુરાવો રજુ થયેલ હોય, તેમજ અરજદાર ધ્વારા તેમની લેખીત સરતપાસનાં સોગંદનામાનાં પેરા–૮ માં તેઓ બેકાર હોવાનુ ખોટુ કથન કરવામાં આવેલ હોય, ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે અરજદારનાં પક્ષનાં કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

**૧૯.૧૩)** વધુમાં આ કામે સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **બાબુરામ વિ.ગર્વમેન્ટ ઓફ એનસીટી ઓફ દિલ્હી અને બીજા ૨૦૧૮(૧પ૭) એફ.એલ. આર.પ૭પ (નામ.દિલ્હી હાઈકોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં ઠરાવ્યા મુજબ કામદાર–માલિકનાં સંબંધો સાબિત કરવાની જવાબદારી કામદારનાં શીરે રહે છે. જો કામદાર આ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો માલીકે તેને ગેરકાયદેસર રીતે છુટા કર્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા

તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **સીવીલ એવીએશન ટ્રેનીંગ કોલેજ વિ. મોહનલાલ પ્રજાપતિ ૨૦૧૮ એલ.એલ.આર. ૭૫૮ (નામ.અલ્હાબાદ હાઈકોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદા માં ઠરાવ્યા મુજબ માલિક–નોકર નાં સંબંધની ગેરહાજરીની કોન્ટ્રાકટરનાં કામદાર ને છુટા કરવા બદલ મુખ્ય માલિકને જવાબદાર ઠેરવી શકાય નહી. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **ઈન્ડિયન ઓઈલ કોપ્રોરેશન વિ.ધી યુનીયન ઓફ ઈન્ડિયા ૨૦૧૮ એલ.એલ.આર.૪૮૮ (નામ.પટના હાઈકોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદા માં ઠરાવ્યા મુજબ જયારે માલિક તરફે રજુ થયેલ દસ્તાવેજોથી કામદાર તે કોન્ટ્રાકટરનો માણસ હોવાનુ ફલીત થતુ હોય, તો તેવા કીસ્સામાં કામદારનો ફકત મૌખીક પુરાવો માની શકાય નહી. વધુમાં સદરહુ ચુકાદામાં ઠરાવ્યા મુજબ પ્લીન્ડીંગ્સમાં ન હોય તેવી વિગતો પુરાવામાં ધ્યાને લઈ શકાય નહી.

**૧૯.૧૪)**વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **ચીફ એન્જી.રણજીત સાગર ડેમ વિ. શામ લાલ ૨૦૦૬(૦) જીએલએચ ઈએલ–એસસી–૩૭૩૪૫ (નામ.સુપ્રિમ કોર્ટ)** તથા **ક્રિષ્ન ભાગ્ય જળ નિગમ લી.વિ.મહંમદ રફી ૨૦૦૬ (૦) જીએલએચઈએલ–એસસી–૩૭૬૯૯ (નામ.સુપ્રિમ કોર્ટ)**વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં ઠરાવ્યા મુજબ ૨૪૦ દિવસ ની કામગીરી સાબિત કરવાની જવાબદારી પ્રાથમિક રીતે કામદારનાં શીરે રહેલ છે. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **નગરપાલીકા નિગમ વિ.બંસી.૨૦૧૮ એલ.એલ.આર.૧૧૬૨ (નામ.મધ્યપ્રદેશ હાઈકોર્ટ)** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં ઠરાવ્યા મુજબ માલિક ધ્વારા રજુ થયેલ હાજરી પત્રકોમાં કામદારનુ નામ ન હોય તો કામદાર–માલિકનાં સંબંધ ન હોવા બાબતે માલિકનો બચાવ માની શકાય. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **મેનેજમેન્ટ ઓફ રીજીયોનલ ચીફ એન્જી.રાંચી વિ. તેના કામદારો ૨૦૧૮ એલ.એલ.આર. ૧૧૬૭ (નામ.સુપ્રિમ કોર્ટ)** તથા **રાજસ્થાન રોડ**

**ટ્રાન્સપોર્ટ વિ.શ્રી ફુલચંદ (સ્વ.) વારસદારો ૨૦૧૮ એલ.એલ.આર. ૧૧૬૯ (નામ.સુપ્રિમ કોર્ટ)** વંચાણે લેતા, સદરહુ બંને ચુકાદામાં ઠરાવ્યા મુજબ પડેલ દિવસો નો પગાર એટલે કે, બેકવેજીસની રકમ મેળવવા કામદારે તેઓ કોઈ ગેઈનફુલ એમ્પ્લોઈમેન્ટમાં ન હોવાનુ સાબિત કરવુ આવશ્યક છે.

**૧૯.૧૫)**વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **ગૌરીશંકર ચેર્ટજી. વિ. ટેકસમેકો લી. ૨૦૦૦(૦) જીએલએચ ઈએલ–એસસી ૯૭૬૫ (નામ.સુપ્રિમ કોર્ટ) તથા મેસર્સ પામવેલ ટીસ્યુ લી.વિ.સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૨૦૧૯ એલ.એલ. આર.૧૧૧૧ (નામ.હીમાચલ પ્રદેશ હાઈકોર્ટ)** નાં કામે ઠરાવ્યા મુજબ મજુર અદાલત તેને સોંપવામાં આવેલ ટર્મ્સ ઓફ રેફરન્સ ને વિસ્તૃત કરી શકે નહી, તેમજ ટર્મ્સ ઓફ રેફરન્સની બહારનો મુદ્દો નકકી કરી શકે નહી.વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ અન્ય ન્યાયીક ચુકાદો **રાકેશ શર્મા વિ. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન ૨૦૧૯ એલ.એલ.આર.૧૧૦૯(નામ.હીમાચલ પ્રદેશ હાઈકોર્ટ)** નાં કામે ઠરાવ્યા મુજબ માલિક–નોકરનાં સંબંધો પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે કામદાર ઉપર આવેલ છે. કામદારે જરૂરી આધાર પુરાવા રજુ કરી,માલિક–નોકરનાં સંબંધ સાબિત કરવા આવશ્યક છે.

**૧૯.૧૬)**સામાવાળા નં.૧ સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓને મૌખીક દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ઉપરોકત તમામ ન્યાયીક ચુકાદાઓ ધ્યાને રાખી, હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા, આંક–૪ નાં માંગણા નિવેદનનાં જણાવ્યા મુજબ આ કામનાં અરજદાર તે સામાવાળા નં.૧ સંસ્થાનાં કામદાર તરીકે કામગીરી કરતા હોવાનુ બતાવતો તેમજ અરજદારની હાજરી સામાવાળા નં.૧ સંસ્થામાં પુરાતી હોવાનુ દર્શાવતો કોઈ પુરાવો તેમજ સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા અરજદારને પગાર ચુકવવામાં આવતો હોવાનુ દર્શાવતો કોઈ પુરાવો અરજદાર પક્ષે આ કામે રજુ થયેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા તરફે રજુ થયેલ દસ્તાવેજી આધારપુરાવા વંચાણે લેતા, સંસ્થાનાં હાજરી પત્રકમાં કોઈ જગ્યાએ હાલનાં અરજદારનું નામ

જણાતુ ન હોય, તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા,આ કામનાં અરજદાર સામાવાળા નં.૨ કોન્ટ્રાકટરનાં કામદાર તરીકે ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં નોંધાયેલ હોય, તેમજ આ કામનાં અરજદારે સામાવાળા નં.૧ સંસ્થાનાં કામદાર તરીકે ૨૪૦ દિવસથી વધુ સળંગ કામગીરી કરેલ હોવાનુ આ કામે સાબિત થતુ ન હોય, તેમજ બેકવેજીસ બાબતે કામદારે તેમનાં લેખીત સરતપાસના સોગંદનામામાં તેઓ બેકાર હોવાની ખોટી વિગતો સોગંદ ઉપર જણાવેલ હોય, ઉપરોકત તમામ હકિકતો લક્ષમાં લેતા, આ કામે સામાવાળા નં.૧ સંસ્થાનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની મૌખીક દલીલો નાં સમર્થનમાં રજુ કરેલ ઉપરોકત ન્યાયીક ચુકાદાઓ તેમનાં બચાવને મદદરૂપ બને છે, તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

**૧૯.૧૭)** આમ, ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં લેતા, આ કામનાં અરજદાર તે કોન્ટ્રાકટર નાં કામદાર તરીકે કામ કરતા હોવાનુ ફલીત થતુ હોય, સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા આ કામનાં અરજદારને તા.૧૧/૦૫/૨૦૦૪ નાં રોજ નોકરી માંથી છુટા કરેલ હોવાનુ આ કામે સાબિત થતુ ન હોય, સામાવાળા સંસ્થા ધ્વારા આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) (જી) (એચ) નો ભંગ થયેલ હોવાનુ માની શકાય તેમ ન હોય, આ કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧ નો જવાબ '' **નકાર**''માં તથા મુદ્દા નં.૨ નો જવાબ '' **હકાર**'' માં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:આખરી હુકમ :–</u>**

**(૧)** આ કામનાં અરજદાર/બીજા પક્ષકાર **સજાઉદીન રાયબુદ્દીન** નો હાલનો રેફરન્સ કેસ નં.૧૩૭૪/૨૦૦૪ આથી નામંજુર (રદ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**અમદાવાદ.**
**તા.૧૬/૧૧/૨૦૧૯.**

**( દિપક હસમુખભાઈ ખંભાતી )**
**ન્યાયાધીશશ્રી,**
**મજુર અદાલત નં.૪, અમદાવાદ.**
**(જી.જે.૦૦૮૬૬)**